# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ — સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૫ • ૧૫ એપ્રિલ ૨૦૨૩ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

75 स्वराज की शाला - शिशुविहार स्थापना १९३९ २०२१-२०२२ स्वातंत्र्य - अमृत महोत्सव


## શિશુવિહાર પ્રાંગણમાં ફાગણ પૂર્ણિમા



શિશુવિહાર પ્રાંગણમાં ૮૩ વર્ષથી યોજાતાં હોળી પર્વ પ્રસંગે પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન ફાગણ સુદ પૂર્ણિમા પ્રસંગે ઉજવાઈ ગયું. શ્રી હરેશભાઈ ભટ્ટ અને કમલેશભાઈ વેગડના માર્ગદર્શન હેઠળ ક્રીડાંગણના તાલીમાર્થીઓ દ્વારા ડંબેલ્સ, લેઝિમ, પગ ઘોડી અને લાઠીનાં પારંપારિક ભારતીય વ્યાયામનું નિદર્શન થયું. આ પ્રસંગે શિશુવિહારની પ્રથમ ટુકડીનાં વિદ્યાર્થી ‘શ્રી મહાશ્વેતાબહેન ત્રિપાઠી’ની સ્મૃતિમાં સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થી અને આજીવન શિક્ષક શ્રી કલ્યાણીબહેન ત્રિવેદી અને શ્રી રાજુભાઈ દવેનું વિશિષ્ટ અભિવાદન કરાયું.

અમેરિકામાં સ્થાયી થયેલ સંસ્થાનાં વિદ્યાર્થિની શ્રી ઈલાબહેન ચાતર્વેદી અને શ્રી જતીનભાઈ ભટ્ટના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારોહમાં ક્રીડાંગણ તાલીમાર્થી તરીકે રુદ્ર, શ્લોક, શુભમ્, પૂરવ, રાજ, ગૌત્તમ,


શ્રી માનભાઈ ભટ્ટ — સ્થાપક : શિશુવિહાર

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736









અનંત, વૈભવ, મોહિત, વિરેનનું ઉત્તમ તાલીમાર્થી તરીકે મહેમાનશ્રીના વરદ હસ્તે અભિવાદન થયું. આ પ્રસંગે શ્રી ઈલાબહેન ચાતુર્વેદીએ ઉપસ્થિત ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું કે, આજે અમેરિકામાં હું જે કંઈ કરી શકુ છું, તેનો યશ શિશુવિહારની તાલીમને ફાળે જાય છે. શ્રી જતીનભાઈએ પણ ક્રીડાંગણ તાલીમ અને જીવન સાફલ્યનો અનુબંધ વ્યક્ત કર્યો હતો, તેમ શિશુવિહારના યશસ્વી અને સન્માનિત વિદ્યાર્થી તરીકે શ્રી રાજેશભાઈ અને કલ્યાણીબહેને અત્યંત ભાવ-સભર વિચારોને વ્યક્ત કર્યા હતાં.



હોળી પ્રાગટ્ય અને ધાણી, ખજૂર દાળિયાના પ્રસાદ સાથે આનંદભેર યોજાયેલ સમારોહમાં શ્રી નિર્મોહીબહેન ભટ્ટ દ્વારા હિન્દી ભાષામાં અનુવાદ થયેલ આપત્તિ નિવારણ પુસ્તિકાનું વિમોચન મંચસ્થ મહાનુભાવો દ્વારા થયું. હોળી ઉત્સવ પ્રસંગે પાંચ દસકાની આયુષ્ય વટાવી ગયેલા વિદ્યાર્થીઓએ ફાગણનાં ગીતો ગાયાં અને સ્વરુચિ ભોજનનો આનંદ લીધો હતો. પ્રતિવર્ષ યોજાતા જૂનાં વિદ્યાર્થીઓનાં ભાવાત્મક કાર્યક્રમનું સંચાલન ડૉ. નાનકભાઈ ભટ્ટે કર્યું હતું.

# સ્વ. મહાશ્વેતાબહેન ત્રિપાઠી સ્મૃતિ
## શિશુવિહાર સન્માન
## સન્માનિત શ્રી રાજેશભાઈ રસિકલાલ દવે



બાલમંદિર અને ક્રીડાંગણ તાલીમથી પ્રારંભી ધોરણ ૧૧ (એસ.એસ.સી.) સુધી શિશુવિહારમાં રહેલ શ્રી રાજેશભાઈએ અંગ્રેજી અને સંગીત વિષયમાં અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસ કર્યો છે. વર્ષ ૧૯૮૧થી ૨૦૧૭, ૩૬ વર્ષ સુધી સ્વામિનારાયણ ગુરુકૂળ પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે સેવાર્થી રહી હજારો વિદ્યાર્થીઓને અંગ્રેજી અને સંગીત વિષય સાથે જોડનાર શ્રી રાજેશભાઈએ શૈક્ષણિક કાર્ય ઉપરાંત વિદ્યાર્થીઓને સ્કાઉટિંગ, ડિઝાસ્ટર, પ્રવાસ અને માનવ મૂલ્યોની જાળવણી માટેના અનેકવિધ કાર્યક્રમો સાથે જોડયાં છે. નિજી અધ્યાત્મ રુચિવશાત્ દિવ્યજીવન સંઘની પ્રાર્થના સભા અને યોગવર્ગમાં સક્રિય રહેવા સાથે શિશુવિહાર સંસ્થામાં યોજાતા નેત્રયજ્ઞોમાં પણ સેવાર્થી રહ્યા છે. ભાવનગરની સેવા અને સંસ્કૃતિના વારસાને જીવંત રાખતા શ્રી રાજેશભાઈ પાસે સંગીત વિષયમાં તૈયાર થયેલ અનેક વિદ્યાર્થીઓએ ગાયન અને વાદ્યમાં વિશારદની પદવી મેળવી એક અદના શિક્ષકનું નામ ગૌરવવંત કર્યુ છે.

શિશુવિહાર સંચાલિત ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય તથા બુક બેંકનાં સંચાલનમાં એક દશક સુધી સંચાલક તરીકે સેવા આપનાર શ્રી રાજેશભાઈ શિશુવિહારમાં પરંપરાથી ગવાતાં સંસ્કાર ગીતોને જીવંત રાખવા

પ્રયત્નશીલ રહ્યા છે. સ્વસ્થ નાગરિક તરીકે સમાજ જીવનનાં પ્રશ્નો વચ્ચે પણ ઉતિર્ણ થયા છે. શિશુવિહારની તપોભૂમિ ઉપર છેલ્લાં ૮૩ વર્ષથી પારંપારિક રીતે યોજાતા ફાગણ પૂર્ણિમા ઉત્સવે (હોળી પર્વ: તારીખ ૭ માર્ચ ૨૦૨૩) શ્રી રાજેશભાઈ દવેનું સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી તરીકેનું અભિવાદન ગૌરવમય બની રહેશે.

## સન્માનિત કલ્યાણીબહેન કેતનભાઈ ત્રિવેદી



શિશુવિહાર ક્રીડાંગણમાં તાલીમ અને શિશુવિહાર સંચાલિત શાળામાં સંસ્થામાં અભ્યાસ, તેમ શિક્ષણ સાથે કેળવણી આત્મસાત કરનાર શ્રી કલ્યાણીબહેન ત્રિવેદી SNDT યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષય સાથે બી.એ. થયાં. ભાવનગર યુનિવર્સિટીમાં એમ.એ. બી.એડ. પૂર્ણ કરીને GPSC ક્લિયર કરવા છતાં શિક્ષિકા બન્યાં.

૧૯૯૨થી ૩ વર્ષ ડી.એ. વિદ્યામંદિર, ધંધુકામાં સેવા આપ્યાં બાદ ૧૯૯૪થી આજ સુધી શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય ભાવનગરમાં સેવા આપી રહ્યાં છે. વિદ્યાર્થિનીઓની ઉજ્વળ આવતીકાલનાં ઘડતર માટે ૩૦ વર્ષથી એક નિષ્ઠ સેવાર્થી શ્રી કલ્યાણીબહેન દવેએ વર્ષ ૧૯૮૩માં સ્કાઉટિંગ પ્રવૃત્તિનો સર્વોચ્ચ પ્રેસિડેન્ટ ગાઈડ ઍવોર્ડ પણ મેળવેલ છે.

જીવનમાં કોઈપણ કામ નાનું નથી તેવી કેળવણી પૂજ્ય માનભાઈ પાસેથી મેળવી રક્તદાન, ચક્ષુદાન, દેહદાન જેવા અનેક કામોમાં સહભાગી છે. શ્રી નંદકુંવરબા શાળામાં સતત શૈક્ષણિક અને સહઅભ્યાસક પ્રવૃત્તિમાં

વ્યસ્ત રહી વિદ્યાર્થિનીઓનાં પ્રિયશિક્ષક બની રહ્યા છે. જીવનનનાં અનેક ચઢ ાવ-ઉતાર વચ્ચે પણ સ્થિરતા અને દૃઢતાથી સ્કાઉટ-ગાઈડ તાલીમને ચરિતાર્થ કરનાર શ્રી કલ્યાણીબહેન રોટરી કલબ દ્વારા ઝુંપડપટ્ટીનાં બાળકોને ભણાવવાનાં પ્રકલ્પ સાથે વર્ષો સુધી નિ:શુલ્ક સેવા આપ્યા પછી હજુ પણ કોઈપણ શાળાના નબળાં બાળકોને નિ:શુલ્ક માર્ગદર્શન આપવાનું કામ અવિરતપણે કરે છે. શાળાકીય વહીવટી જવાબદારીઓ સાથે હાયર સેકન્ડરીની ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને અંગ્રેજી જેવા અઘરા વિષયમાં તૈયાર કરી ઉત્તમ પરિણામ અપાવ્યું છે. આવા શિક્ષણને સમર્પિત શ્રી કલ્યાણીબહેન ત્રિવેદીને ભાવનગર આચાર્ય સંઘ દ્વારા વર્ષ ૨૦૨૨માં 'શ્રેષ્ઠ શિક્ષક'નો એવોર્ડ એનાયત થયો છે, જે શિક્ષકતત્વનું ગૌરવ બને છે.

છેક બાલ્યકાળથી જ શિશુવિહાર પરિવારનાં આત્મજ શ્રી કલ્યાણીબહેનનું શિશુવિહારની તપોભૂમિ ઉપર છેલ્લા ૮૩ વર્ષથી પારંપારિક રીતે યોજાતા ફાગણ પૂર્ણિમા ઉત્સવે (હોળી પર્વ તારીખ ૭ માર્ચ ૨૦૨૩) અભિવાદન કરતા સંસ્થા ગૌરવ અનુભવે છે.

## સ્વામિનારાયણ મંદિર કુંડળધામથી
## શિશુવિહારની સેવા પ્રવૃત્તિને આશીર્વાદ







પારેખ ફાઉન્ડેશનનાં સહયોગથી શિશુવિહારની સ્વાસ્થ્ય સેવા અને બાળશિક્ષણ પ્રવૃત્તિ માટે મળેલ એરકંડિશન્ડ બસનું પૂજન તારીખ ૯ માર્ચે કુંડળધામના પરમાધ્યક્ષ સ્વામિશ્રી જ્ઞાનજીવનદાસજી મહારાજના વરદ્ હસ્તે થયું. કુંડળધામ અને સાળંગપુર હનુમાનજીના દર્શન સાથે સંસ્થાનાં કાર્યકરોએ નવી ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવી છે, જે ધન્યવાદને પાત્ર છે.

## ઉનાળાના પ્રારંભે પગરખાં વિતરણ




શ્રીમતી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ પરિવારના સૌજન્યથી જરૂરિયાતમંદ શ્રમિક પરિવારોને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યું. અશક્તાશ્રમ નડિયાદથી ખાસ ભાઈઓ-બહેનો માટે માપ અનુસાર તૈયાર કરેલ ચપ્પલ ઉનાળાના પ્રારંભે અત્યંત ઉપયોગી સાધન બની રહે છે. આ





પ્રસંગે સ્વર્ગસ્થ શ્રી રમણિકભાઈની પૂણ્યસ્મૃતિમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા આરોગ્ય કેન્દ્ર થકી મળેલ બાળકો માટે વિટામીન સીરપ વાલીઓને પૂરતી સમજ બાદ આપવામાં આવ્યું. બાળ આરોગ્ય વિશે ડૉક્ટર દીપ્તિબહેન શાહનાં માર્ગદર્શન નીચે યોજાયેલ કાર્યક્રમમાં ૩૦૦ વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, જેઓને સંસ્થા બાલમંદિર-ક્રીડાંગણ તરફથી ચા-નાસ્તો આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમના સંકલનકર્તા શ્રી અનિલભાઈ બોરીચા, બાલમંદિર, ક્રીડાંગણ તથા સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિને અભિનંદન.

**શ્રી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ પરિવાર તરફથી સતત ૮માં વર્ષે ઉનાળાનાં પ્રારંભે ગરીબો માટે મળતી સાધન સહાય માટે સંસ્થા શ્રી ચંદ્રવદનભાઈ શાહનો આભાર માને છે.**

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• પ્રાકૃતિક જીવન શૈલીનાં પ્રોત્સાહન માટે નગરપાલિકાનાં વિદ્યાર્થીઓ દ્વારા ‘પ્રકૃત્તિ તરફ પાછા વળીયે’ તેવા વિચારને પ્રાધાન્ય આપતા ચિત્રો તૈયાર કરવા એક વર્કશોપ શિશુવિહાર પ્રાંગણમાં તા.૨ માર્ચે યોજાઈ ગયો. પરીખ ફાઉન્ડેશનના સહકારથી શિશુવિહાર દ્વારા પ્રથમ તબક્કે બાળ પુસ્તકાલય આધારે ૨૬૦ વિદ્યાર્થીઓ માટે યોજાયેલ વકતૃત્વ કથન અને ચિત્ર આલેખનમાંથી પસંદ થયેલ ચિત્રોને કેલેન્ડર તરીકે પ્રકાશિત કરવા માટે ડૉ. અશોકભાઈ પટેલ અને શ્રી રમેશભાઈ ગોહેલના માર્ગદર્શન સાથે નગરપાલિકાના શિક્ષકોની ઉપસ્થિતિમાં યોજાયેલ તાલીમ શિબિર થકી બાળકો દ્વારા વડીલોને પ્રાકૃતિક જીવનશૈલી વિષયે સતત ૧૧માં વર્ષે શૈક્ષણિક કેલેન્ડર આપવામાં આવશે, જે નોંધનીય બને છે.




• શ્રી સોલંકી કીર્તિભાઈના સંગીત નિયોજન તળે ‘વાસુકી કરાઓકે ગ્રુપ’નો કરાઓકે આધારિત જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ પાંચ માર્ચે અને ૧૯ માર્ચે સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૨૦૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• ભારતીય સ્ટેટ બેંક ભાવનગર હેડ ઑફિસના ઉપક્રમે જરૂરિયાતમંદ ૩૦ પરિવારોને સ્ટાર્ટઅપ માટે ઔદ્યોગિક લોનનું વિતરણ કરવામાં આવેલ. SBIના લોન શાખાના અધિકારી શ્રી એમ.બી.ભાલિયાની ઉપસ્થિતિમાં ૯ માર્ચે સંસ્થાનાં AC હૉલમાં યોજાયેલ કાર્યક્રમમાં ૧૨૦થી વધુ નાગરિકો જોડાયા હતા.



• સ્વાશ્રયી આરોગ્ય વિચારના પ્રણેતા વિનુભાઈ ગાંધીની અધ્યક્ષતામાં તારીખ ૧૧ માર્ચે શિશુવિહારમાં ‘સૌરાષ્ટ્રની જળ સમસ્યા’ વિષયે એક સંગોષ્ઠીનું આયોજન થયું. નાગરિકોમાં વૈચારિક વિવેક જળવાઈ રહે તે માટે પ્રત્યેક માસના બીજા શનિવારે વિવિધ વિષયો ઉપર મળનાર બેઠક પૈકીની પ્રથમ ગોષ્ઠીના પ્રારંભે શ્રી વિનુભાઈ ગાંધીએ કલ્પસર પર્યાય વિષયના પ્રયત્નો વિષયે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ભાવનગરના માનવીય વિકાસ માટેની ચિંતનમાં ૨૮ નાગરિકો સહભાગી થયા હતા.



• 'સ્વર સાધના ગ્રુપ' આયોજિત મેરે સૂર મેરે ગીતનો ૫૫મો જૂનાં હિન્દી ફિલ્મોનાં ગીતોનો કાર્યક્રમ સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. શ્રી પુનિતભાઈ અંધારિયાના સંચાલન તળે તા.૧૨ માર્ચે સંસ્થા રંગમંચ ઉપર યોજાયેલ હિન્દી ફિલ્મોનાં મધુર ગીતોના કાર્યક્રમને માણવા ૩૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.



• શિશુવિહાર સંસ્થાના સ્થાપક સભ્ય અને સંસ્થાનાં સહમંત્રી શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટનું મહિલા દિવસ ઉપક્રમે અભિવાદન થયું. ભારતીય વિચારધારાનાં હિમાયતી શ્રીમતી સુષ્મા સ્વરાજની સ્મૃતિમાં અપાતો 'નારી ગરિમા ઍવોર્ડ' ભાવનગરનાં મેયરશ્રી તેમજ મહાનુભાવોનાં વરદ હસ્તે શ્રી ઈન્દાબહેન ભટ્ટની સેવાને સતત બીજા વરસે મળ્યો છે, જે ગૌરવવંત બને છે.



• શ્રી પ્રમોદભાઈ વોરાના અથાગ પ્રયત્નથી ૯૬મો સાયકલ ભેટ કાર્યક્રમ તારીખ ૧૯ માર્ચે યોજાઈ ગયો. શહેરના ડેપ્યુટી એસ.પી. શ્રી આર.આર.સિંઘાલ તથા સંજયભાઈ

તન્નાની અધ્યક્ષતામાં યોજાયેલ સમારોહમાં જરૂરિયાતમંદ ૨૩ વિદ્યાર્થીઓને સાઈકલ સહાયનું વિતરણ કરવામાં આવેલ. જેમાં ૭૫ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



• શિશિશુવિહાર સંસ્થાનાં નિવાસી કાર્યકરોનું સ્નેહમિલન તારીખ ૨૨એ યોજાઈ ગયું. સંસ્થાનાં મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટની તેમજ સંસ્થા સંચાલકોની ઉપસ્થિતિમાં મળેલ સ્નેહમિલનમાં નિવાસી કાર્યકરોએ પોતાની દૈનિક કામગીરીથી પરસ્પરને વાકેફ કર્યા હતા.




• કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્શન સેલ તથા ગુજરાત રાજ્ય સંચાલિત વાસ્મો સંસ્થાનાં સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૩ માર્ચે સંસ્થા પ્રાંગણમાં એક દિવસીય વર્કશોપ યોજાઈ ગયો. વિશ્વ જળ દિવસ પ્રસંગે યોજાયેલ પરિસંવાદમાં જળ સંચય પ્રવૃત્તિ સાથે જોડાયેલ ૨૦૦થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ પર્યાવરણ સમતુલન અને જળ સમસ્યા વિષયે ઉપસ્થિત મહાનુભાવો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. ભોજન બાદ સાંજે ૪:૩૦એ કાર્યક્રમનું સમાપન થયું હતું



• પોસ્ટલ ડિપાર્ટમેન્ટ ભાવનગરના ઉપક્રમે તારીખ ૨૫ માર્ચે જિલ્લા સ્તરની રીવ્યુ બેઠક સંસ્થાના વાનાણી હૉલમાં મળી હતી. ૪૫૦થી વધુ પોસ્ટ સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયેલ સમારંભમાં વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર ૭૦ અધિકારીઓનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. ડિવિઝનલ હેડ શ્રી દર્શન તપસ્વી તથા આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ શ્રી કૃષ્ણદેવ સરવૈયાના સંકલન તળે યોજાયેલ સમારંભમાં શિશુવિહાર પણ સહભાગી થયુ હતું.



• 'સ્ત્રી નિકેતન' સંસ્થા ભાવનગરના ઉપક્રમે પારિવારિક મનોરંજન કાર્યક્રમ તારીખ ૨૫ માર્ચે સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુત થયો. મંડળની ૨૫૦થી વધુ બહેનોની ઉપસ્થિતિમાં સ્ત્રી સશક્તિકરણની વિવિધ રચનાઓ રજૂ થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન સંસ્થાનાં ઉપપ્રમુખશ્રીની નિશ્રામાં થયું.

• 'નટરાજ કલા સંસ્થા'ના ઉપક્રમે એક સાંજ આપની સાથે જૂના હિન્દી ફિલ્મ ગીતોનો કાર્યક્રમ યોજાયો. શ્રી કેતન આવસત્થીની પરિકલ્પના આધારિત ૧૪૪મા સંગીત કાર્યક્રમમાં નટરાજ કલા સંસ્થાનાં કલાકારો ડૉ. વિજય સંપટ, ઋષિભાઈ પંડયા, જીજ્ઞાબહેન દવે, હેતલ આવસત્થી વગેરેએ પ્રસ્તુતિ રજૂ કરી હતી. પિન્કી ભટ્ટનાં સંકલન હેઠળ યોજાયેલ કાર્યક્રમને માણવા માટે ૩૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.






• સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા વાર્ષિક મીડિયા મીટનું આયોજન બુધસભા હૉલમાં ૨૫ માર્ચે થયું. શહેરનાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાનાં ૩૫થી વધુ પ્રતિનિધિશ્રીઓએ મીટમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

• આનંદ વિહાર પ્રાથમિક શાળાનાં બાળકોનો વાર્ષિક કાર્યક્રમ તા.૨૯ માર્ચે શિશુવહાર રંગમંચ પર રજૂ થયો. નગરપાલિકા સંચાલિત શાળા નં.૧૦નાં ૩૦૦થી વધુ બાળકોની સહભાગિતા સાથે યોજાયેલ કાર્યક્રમનું સંકલન શાળાનાં આચાર્યશ્રીએ કર્યું હતું.



# પ્રથમ જનરલ ડયુટી આસિસ્ટન્ટ તાલીમનું સમાપન

વયસ્ક નાગરિકોની સંભાળ માટે તારીખ ૧૯ ડિસેમ્બર ૨૦૨૨થી શરૂ થયેલ જનરલ ડયુટી આસિસ્ટન્ટની ત્રણ માસની તાલીમ કાર્યક્રમનું સમાપન થીયરી, પ્રેક્ટિકલ પરીક્ષા સાથે થયું હતું. વાઘ-બકરી ફાઉન્ડેશનના સૌજન્યથી ભાવનગરના નાગરિકો માટે યોજવામાં આવેલ તાલીમમા ૨૩ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી, ડૉ. દીપ્તિબહેન શાહ, ડૉ.પ્રકાશભાઈ ભટ્ટ તેમજ નિષ્ણાતોના માર્ગદર્શન નીચે તાલીમાર્થીઓએ શરીરશાસ્ત્ર, રોગના લક્ષણો તેમજ આપત્તિ નિવારણ વિશે તાલીમ લીધી હતી. તાલીમનાં ૯૦ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમ, સિવિલ હૉસ્પિટલ તેમજ કેન્સર કેર સેન્ટર મુલાકાત સાથે નર્સિંગ કૉલેજમાં જઈને પ્રત્યક્ષ તાલીમ લીધી હતી. સિનિયર નર્સિંગ સ્ટાફ શ્રી પ્રીતિબહેન બારૈયાનાં માર્ગદર્શન સાથે તાલીમાર્થીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પરીક્ષા પૂર્ણ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાનાં કો-ઓર્ડિનેટર શ્રી હીનાબહેન ભટ્ટે કર્યું હતું.

## જનલર ડયુટી આસિસ્ટન્ટ તાલીમ દરમિયાન ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તાલીમાર્થીઓ


ભટ્ટ અવની


ગોહિલ મંજુબહેન


જોગદિયા ઉમાબહેન


જોગદિયા નિકુંજ


જોષી હિરલ


ખાસદરા નાહિદા


કુરેશી ફરજાના


કુરેશી નરગીશ



પરમાર નમ્રતા



શેખ રસીદાબહેન



શેખ સોહાના



શેખવા પ્રકાશભાઈ



સીતાપરા શીતલ



વોરા પૂજા

**-:સહયોગી સંસ્થાઓ:-**

ભાવનગર વૃદ્ધાશ્રમ, વિવેકાનંદ હોમિયોપેથી કૉલેજ, સહજાનંદ નર્સિંગ ઈન્ટસ્ટીટ્યુટ, આનંદવાટિકા ભગિની મંડળ, વી.સી. લોઢાવાળા હૉસ્પિટલ, ઓમ સેવા ધામ વૃદ્ધાશ્રમ, ઍક્સેલ નર્સિંગ સ્કૂલ, ફિઝિયોથેરાપી સેન્ટર-શિશુવિહાર, સ્પર્શ કેન્સર સેન્ટર

**આ તાલીમાર્થીઓ પાસેથી સેવા મેળવવા માટે ૯૮૨૪૫૧૫૯૯૫ નંબર ઉપર સંપર્ક કરવો**

# બાળ શિક્ષણ



## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:

માર્ચ માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૭૩ રહી હતી. માસ દરમિયાન બાળકોને હોળી-ધૂળેટી ઉત્સવની ઉજવણી, માટીકામ, બાળવાર્તા, બાળનાટક પ્રકારની કામગીરી સાથે સાંકળવામાં આવ્યાં હતાં. બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર માસ દરમિયાન રંગમિશ્રણ, હવાનું દબાણ, ગુંજતો ભમરો, ફરતો પોપટ પ્રકારે પ્રવૃત્તિ કરવામાં આવી. આ માસમાં વિવિધ વસ્ત્રનું પ્રદર્શન યોજવામાં આવેલ.

શ્રી યુગભાઈ, સ્વ.વિજયભાઈ અને જયંતિલાલ પજવાણી દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૩૦ દાતાઓ દ્વારા પોષક નાસ્તો આપવામાં આવેલ. માસ દરમિયાન પ્રાત:પ્રાર્થના સમયે ૭ બાળકો તથા શિક્ષિકા શ્રી ઉષાબહેન રાઠોડનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ. તારીખ ૧૧ માર્ચે બાલમંદિર વિશેષ પ્રવૃત્તિ અંતર્ગત બાળકોનું રાત્રી રોકાણ કાર્યક્રમ કર્યો. જેમાં ૨૦ બાળકો જોડાયાં હતાં. આ

પ્રસંગે શ્રી તારકભાઈ શાહ તરફથી બાળકોને આઈસ્ક્રીમ આપવામાં આવેલ.

સંચાલક: ઉષાબહેન રાઠોડ, અંકિતાબહેન ભટ્ટ

## બાળકો માટે રાત્રી રોકાણ



મા-બાપની હૂંફ અને પ્રેમ સાથે ઉછરતાં નાનાં બાળકો સમૂહમાં પ્રવૃત્તિ કરતા થાય, માતાપિતાની ગેરહાજરી વિના રહેતા શીખે, એકબીજાની સાથે રહેતા શીખે, પોતાના કામ જાતે કરતાં શીખે. તે હેતુથી બાલમંદિરમાં રાત્રી રોકાણ એક અતિ મહત્વનો પાઠ બને છે.

શિશુવિહાર બાલમંદિરના ૭૦ વર્ષના કાર્યકાળનો પ્રવૃત્તિ અનુભવ પણ અદભૂત રહ્યો છે. સાંજના સાત વાગતા મા-બાપ પોતાના બાળકને ઓઢવા-પાથરવાનું અને એક જોડ વધારાના કપડાં લઈને બાલમંદિરમાં મૂકવા આવે છે. બાળક પણ રાજી થઈને મા-બાપને વિદાય આપે છે અને રાત્રે ૯:૩૦ સુધીમાં રમત, સમૂહભોજન, કેમ્પ ફાયર અને પ્રાર્થના પછી શયન યોજાય છે. સવારે શરણાઈના સૂર સાથે બાળક ઊઠે છે. બ્રશ કરે છે. હૂંફાળા પાણીથી સ્નાન કરે છે. પૌષ્ટિક નાસ્તો કરે છે અને સ્વચ્છ કપડાં પહેરી ૮:૩૦ આસપાસ બાળક સહપ્રેમ લેવા આવેલ મા-બાપ સાથે ઘરે પરત જાય છે.

બાલમંદિરની અનેકવિધ જીવનલક્ષી તાલીમ સાથે રાત્રી રોકાણ પણ બાળ ઘડતરમાં અત્યંત મહત્વપૂર્ણ બને છે, જે બાળકોના અને વાલીઓના સહકારથી જોઈ શકાય છે. શિશુવિહારથી આ પ્રયોગ ફરી એક વખત યોજનાર શિક્ષિકા શ્રી અંકિતાબહેન, કમલાબહેન, ઉષાબહેન અને પ્રીતિબહેનને અભિનંદન.

સૌજન્ય: બાલમૂર્તિ, વડોદરા

## ૪૫૮ તથા ૪૫૯મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:






શિશુવિહાર સંસ્થામાં શ્રી જયદેવભાઈ દીપકભાઈ ઉનડકટ પરિવારના સૌજન્યથી ૪૫૮મો નેત્રયજ્ઞ તેમજ સ્વ. કુસુમબહેન યશવંતભાઈ પંડ્યાની સ્મૃતિમાં શ્રી વંદનાબહેન યશવંતભાઈ પંડ્યાનાં સૌજન્યથી ૪૫૯મો નેત્રયજ્ઞ  તારીખ ૨૪ માર્ચે યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૧૯ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રી હિરવાબહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દર્દીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૩૧ દર્દીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.



**પારેખ ફાઉન્ડેશન તરફથી શિશુવિહાર સંસ્થાને મળેલ AC બસમાં વિરનગર (રાજકોટ)ના આઈ સર્જરી પેશન્ટને ભાવનગર પરત લાવવામાં આવ્યા હતા.**

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

# નિરમા લિમિટેડના સહયોગથી
# દરિયાકાંઠાનાં ગામડાંઓમાં આરોગ્ય શિબિર

| તારીખ | ગામ | લાભાન્વિત નાગરિક | નોંધ |
|---|---|---|---|
| ૨૭/૦૨/૨૩ | ભડભીડ, કોટડા, ગણેશગઢ | ૪૩ | હિમોગ્લોબિન તપાસ |
| ૨૦/૦૩/૨૩ | અધેલાઈ, જશવંતપુર | ૨૮ | હિમોગ્લોબિન તપાસ |
| ૨૩/૦૩/૨૩ | નર્મદ | ૨૫૪ | આરોગ્ય શિબિર |
| ૨૯/૦૩/૨૩ | કાળા તળાવ | ૩૦૨ | આરોગ્ય શિબિર |
| | કુલ | ૬૨૭ | |






નિરમા ઉદ્યોગની CSR પ્રવૃત્તિના ભાગ રૂપે શિશુવિહારની આરોગ્ય ટીમ દ્વારા યોજાયેલ શિબિરમાં ૫૫૬ દર્દીઓ તથા ૭૧ વિદ્યાર્થીઓને જરૂરી સલાહ-સારવાર પહોંચાડવામાં આવી હતી.

શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી દીપાબહેન જોષી, શ્રી યોગેશભાઈ શાહ તથા નિરમા લિમિટેડનાં અધિકારી શ્રી ચેતનભાઈ પંડયા અને એચ.આર શ્રી ઘનશ્યામભાઈ બેલડિયા તેમજ ગામના સરપંચશ્રી, આચાર્યશ્રીના સહયોગથી આ શિબિર યોજવામાં આવેલ. સમગ્ર શિબિરનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ



માર્ચ માસ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૫૦ રહી હતી. માસ દરમિયાન ડંમ્બેલ્સ, રન સ્ટોપ જેવી સામૂહિક રમતો રમાડવામાં આવી હતી.

સાંજ પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા તેમજ ક્રીડાંગણ તાલીમાર્થી અર્જુનભાઈ, જયમલભાઈ, રાજભાઈનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયો હતો.

તા.૭ માર્ચે સંસ્થા પ્રાંગણમાં પરંપરાગત રીતે હોળી ઉત્સવ ઉજવાયો. જેમાં સ્કાઉટ તાલીમાર્થીઓએ ડંમ્બેલ્સ, પગઘોડી તેમજ લેઝિમ લઈને હોળી ઉત્સવ ઉજવાયો. વર્ષ દરમિયાન નિયમિત રીતે આવતા ૧૦ તાલીમાર્થીનું અભિવાદન થયું અને સર્વ ભોજન લઈને છૂટા પડેલ.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

## વયસ્કો માટે ૩૩૮મી દૃષ્ટિચકાસણી શિબિર:

શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી માર્ચ માસમાં ૪ રવિવારે દૃષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટ દ્વારા Auto Refractometer દ્વારા ૧૬૨ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.




સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૯૦૯ નાગરિકોએ લીધેલો. સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:



શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. જાહ્‌નવીબહેન તેજાણીનાં કન્સલ્ટેશન હેઠળ માર્ચ માસમાં ૩૭૮ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૬ ભાઈઓ આવ્યા હતા. ભાવનગરની શાહેરનછ સહજાનંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિઝિયોથેરાપી તથા શિશુવિહાર સંસ્થાનાં સંયુક્ત ઉપક્રમે તા.૨૪ માર્ચના રોજ હાડકા અને મસલ્સના દુખાવા ધરાવતા પેશન્ટ માટેનો કેમ્પ સંસ્થા પ્રાંગણમાં યોજાઈ ગયો. શેઠ પરિવારના સહકારથી વર્ષ ૨૦૧૮થી ચાલતા અને પ્રતિવર્ષ ૫૪૦૦ દર્દીઓનસ સેવા અપાતા ફિઝિયોથેરાપી-ફિટનેસ સેન્ટરના ઉપક્રમે ૬૦ દર્દીઓએ લાભ લીધો હતો. સહજાનંદ કૉલેજના નિષ્ણાત ડૉ. ભાવિકાબહેન હરિયાણીની નિગરાણી હેઠળ દર્દીઓને સારવાર તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી નિશાબહેન બારૈયાએ કર્યું હતું. સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

માર્ચ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૧૪૦૪ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

## જીવન શિક્ષણ તાલીમ::

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીનાં વિદ્યાર્થીઓ માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૪૭ ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ સંસ્થા થકી આ સેવાભાવી યુવકો વંચિતો માટે શિક્ષણ ઉપલબ્ધ કરાવી રહ્યા છે, જે નોંધનીય બને છે.



## તાલીમઃ

પ્રા. ડૉ.નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૨ માર્ચે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ



## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. માર્ચ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૫ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલકઃ શ્રી અનિલભાઈ જોશી



## કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગઃ

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં ૧૨ તાલીમાર્થી શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલકઃ શ્રી રીનાબહેન ગોહિલ



## હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ



બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૬૪ થી ૧૬૬માં તાલીમ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને પેપર ફ્લાવર, સ્ટેન્સિલના ઉપયોગથી કાગળ ઉપર લખાણ, કાગળના માવામાંથી રમકડાં બનાવવાનું કૌશલ્ય આપવામાં આવ્યું. જેમાં ૧૩૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ



## સંગીત વર્ગઃ

માર્ચ માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલકઃશ્રી દેવુભાઈ મહેતા

## બાલદેવ વન:

માર્ચ માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૧૧૨૭ બાળકો પોતાનાં વાલી સાથે રમવા આવ્યાં હતાં. શ્રી મહદ્દી સ્કૂલનાં ૨૭૦, ઉડાન જૂનિયરનાં ૯૦, એ.આર. સુતરિયા નર્સરી સ્કૂલના ૬૩, અમર જ્યોતિ સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલનાં ૨૯૯, એ. આર. સુતરિયા નર્સરી સ્કૂલનાં ૧૦૫, સિલ્વર બેલ્સ પબ્લિક સ્કૂલનાં ૨૦૦, શ્રી અવાણિયા કુમાર પ્રા. શાળાનાં ૧૦૦ તેમ કુલ ૧૧૨૭ બાળકોએ મુક્ત-મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

# મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

માર્ચ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૨૦ રહી હતી. તા.૨૩ માર્ચે સીવણ તાલીમાર્થી બહેનોને ઝાંઝરિયા હનુમાન મંદિરે પ્રવાસમાં લઈ જવામાં આવેલ.



સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. જાન્યુઆરી માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. - શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. માર્ચ માસ દરમિયાન ૩ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૬ શ્રમિક બહેનો દ્વારા માર્ચ માસમાં કાપડની ૧૩૦૦ થેલી તૈયાર થતાં રૂ.૫૧૫૫/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૮૦,૯૨૭ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## બુધસભા:




જૂહી મેળો-૨૦૨૩: ઈન્દોરમાં બુધસભાના સંચાલક
શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદી અને શ્રી અંજનાબહેન ગોસ્વામી

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૨૨૪મી બેઠક તા.૯ માર્ચના રોજ યોજાઈ. માનસીબહેન ત્રિવેદીનાં સંચાલન હેઠળ સુરતના કવિશ્રી ગૌરાંગ ઠાકરના કાવ્યનો આસ્વાદ ડૉ. જીતુભાઈ વાઢેર દ્વારા થયો હતો. જેમાં ૩૦ કવિ-કવયિત્રીઓ ઉપસ્થિત રહેલાં. બેઠક રસપ્રદ બની રહી હતી.

માસના બીજા બુધવારે અજંનાબહેન ગોસ્વામીનાં સંચાલનમાં હોળી-ધૂળેટી તેમજ મહિલા દિવસ અંતર્ગત કાવ્ય રસિકોએ શબ્દોના ગુલાલથી રંગબેરંગી વાતાવરણ સર્જ્યું હતું. મહિલા દિવસની સ્મૃતિમાં પણ રસપ્રદ કાવ્યો રજૂ થયાં હતાં. ૩૫ કવિ-કવયિત્રીઓની ઉપસ્થિતિ નોંધનીય રહી.

માસના ત્રીજા બુધવારે જીજ્ઞાબહેન ત્રિવેદીનું સંચાલન હતું. બેઠકમાં

કવિ વિશેષ ઉપક્રમમાં શ્રી ભરતભાઈ વાઘેલાએ લોકગીતો વિશે રજૂઆત કરી તથા આપણાં લોકગીતો પાછળની રસપ્રદ કથા જાણવા માટે ૪૦ કવિ-કવયિત્રીઓ પધારેલાં.

માસનાં ચોથા બુધવારે લાલજીભાઈ બાંભણિયાનાં સંચાલન હેઠળ કવિ-કવયિત્રીઓએ પોતાની સ્વરચનાઓ રજૂ કરી હતી. માર્ચ માસનાં પાંચમાં અને અંતિમ બુધવારે યોજાયેલ મુશાયરામાં કવિ સર્વશ્રી સુનિલ પરમાર, સુરેશ ચાંચિયા, નિલેશ દવે, ભરત વાળા તથા મહેશ્વર ગઢવીએ સ્વ-રચનાઓ રજૂ કરી ઉપસ્થિત ૩૦થી વધુ કાવ્ય રસિકોની હાજર રહ્યા હતા.

માર્ચ માસની પાંચમી અને ૨૨૨૮મી ગોષ્ઠિ સાથે ૧૨૬ રચનાઓ રજૂ થઈ હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## પ્રચાર-પ્રસાર



### માર્ચ માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી અરજણભાઈ બોરીચા-સિહોર, શ્રી રાજેશભાઈ સોલંકી-ભાવનગર, શ્રી ઉષાબહેન દવે-ભાવનગર, શ્રી રૂપલબહેન વોરા-વડોદરા, શ્રી મીનાબહેન શેઠ-સુરત, શ્રી જીતેન્દ્રભાઈ વૈષ્ણવ-ગાંધીનગર, શ્રી જયરાજભાઈ ગોહિલ-ભાવનગર

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માર્ચ માસમાં ૧૫૨ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

માર્ચ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪૯૦૦ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૩૨ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

## સાભાર સ્વીકાર

'આભાર' સંસ્થા, સિહોરના અધ્યક્ષ શ્રી સુરેશભાઈ ભટ્ટ દ્વારા શિશુવિહાર પ્રવૃત્તિ માટે ૧૫૦ થેલી આપવામાં આવી છે. 'મનની શાંતિ અને સાચાં સુખ' માટેના સૂત્રો દર્શાવતી કાપડની થેલી સૌ માટે ઉપયોગી થઈ રહેશે. સંસ્થા શ્રી યશવંતભાઈ પડિયા અને સુરેશભાઈ ભટ્ટનો આભાર માને છે.

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે
### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,80,000.00 | સનલાઈટ ઈકોકેમ | શૈક્ષણિક સહાય |
| 1,17,000.00 | ઓમેગા સર્વિસીઝ | શૈક્ષણિક સહાય |
| 1,00,000.00 | મનુભાઈ પંચોળી ‘દર્શક’ ફાઉન્ડેશન | નાગરિક સન્માન |
| 57,000.00 | શ્રી બાબુલભાઈ પ્રિયવદન બ્હોરા | શૈક્ષણિક સહાય |
| 50,000.00 | શ્રી નેમીચંદ ગુપ્તા | શૈક્ષણિક સહાય |
| 30,000.00 | શ્રી ચંદ્રશંકર અમૃતલાલ દવે | પોષક આહાર |
| 28,500.00 | શ્રી બળદેવભાઈ સી. પરમાર | શૈક્ષણિક સહાય |
| 25,000.00 | શ્રી કાંતાબહેન અમલાણી | શૈક્ષણિક સહાય |
| 24,000.00 | સ્વીસ ફોર્મ્યુલેશન્સ | શૈક્ષણિક સહાય |
| 20,000.00 | શ્રી હસુમતિબહેન ચંદ્રશંકર દવે | મહિલા ઉત્કર્ષ |
| 20,000.00 | શ્રી નવનીતભાઈ રાઠોડ | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી ભાવનાબહેન જાગ્રતભાઈ ભટ્ટ | નેત્રયજ્ઞ |
| 18,000.00 | શ્રી ભગવતીનંદજી એજ્યુકેશન ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| 15,000.00 | શ્રી ભાવનાબહેન પરેશભાઈ શાહ | મહિલા ઉત્કર્ષ,ચંપલ વિતરણ |
| 11,111.00 | શ્રી મગનભાઈ પટેલ | શૈક્ષણિક સહાય |
| 10,000.00 | શ્રી ધીરજલાલ વૃજલાલ ચુડાસમા | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી જ્યોતિબહેન હરિપ્રસાદ ત્રિવેદી | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી શિવ મેડિકલ સ્ટોર | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી સુધર્મા ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી ગોકુલ ફાઉન્ડેશન | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી મધુબહેન નરસિંહભાઈ મકવાણા | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી દૂધીબહેન દેવચંદ મહેતા ચે. ટ્રસ્ટ | મહિલા ઉત્કર્ષ |
| 5,000.00 | શ્રી અપૂર્વભાઈ અરવિંદભાઈ પારેખ | શૈક્ષણિક સહાય |
| 4,500.00 | શ્રી ડી.એ. શાહ | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | આરોગ્ય સહાય |



## શુભેચ્છકો લખે છે

### • શ્રી રાજેશભાઈ ધામેલિયા (કોલમીસ્ટ ધબકાર, સુરત)

આપણને વારંવાર સાંભળવા મળે છે કે, અત્યારે તો હળાહળ કળિયુગ ચાલે છે. આજનો જમાનો બગડી ગયો છે, પરંતુ આ જ સમયે આપણી આસપાસની દુનિયા જોવાનો આપણો દૃષ્ટિકોણ બદલશુ તો, આપણને રણમાં મીઠી વીરડી સમાન સંસ્થાઓ અને માનવતાની મહેક પ્રસરાવનાર મુઠી ઊંચેરા માનવીઓ જરૂર મળી આવશે, જેની સુવાસ માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં, પરંતુ વિદેશ સુધી પ્રસરી છે એવી ભાવનગરમાં આવેલી સંસ્થા 'શિશુવિહાર'ની આજે વાત કરવી છે.

વર્ષ ૧૯૩૯ સ્વરાજ્યની ચળવળનો ઉત્કૃષ્ટ કાળ હતો. ગાંધીજીના પડયા બોલને ઝીલી યુવકો રચનાત્મક કામો સાથે જોડાતા. એ સમયે શ્રમજીવીઓના જીવનના સર્વાંગી વિકાસના ખ્યાલમાંથી 'આનંદ-મંગળ મંડળ' અને પછીથી 'શિશુવિહાર'ની પ્રવૃત્તિઓનો વિકાસ થયો. ભાવનગરના પ્રજા પ્રેમી રાજવી કૃષ્ણકુમારસિંહજીએ ગરીબ બાળકો અને બહેનોનું કામ કરવા માટે આપેલ ૨૯,૦૦૦ ચોરસ વારમાં આ સંસ્થા આવેલી છે. ૩૦૦૦થી વધારે બાળકો રમી શેક એટલાં સાધનો મૂકવામાં આવ્યા છે. ૪૦૦થી વધારે વૃક્ષોથી આચ્છાદિત બાલદેવનમાં ભાવનગર જિલ્લાની લગભગ તમામ શાળાઓનાં બાળકો રમવાં અને વનભોજનનો આનંદ માણવાં આવે છે.

શિશુવિહારનો સાચો પરિચય તો ત્યાં યોજાતા સાદગીપૂર્ણ, છતાં ગરિમામય કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને દિવ્ય અનુભૂતિ કરીને જ મેળવી શકાય. શિશુવિહારના સ્થાપક માનભાઈ ભટ્ટનું જીવન ચરિત્ર 'હાથે લોઢું હૈયે મીણ', 'શિશુવિહારનું નવચેતન' કે શિશુવિહાર દ્વારા પ્રસિદ્ધ થતી પુસ્તિકાઓનું નિયમિત વાચન કરીએ તો ખરો પરિચય મેળવી શકાય. આવી ઉમદા પ્રવૃત્તિઓ થકી આપણી આસપાસ રહેલું અંધારું દૂર કરવા એક નાનો દીપક પ્રગટાવવાની ઈચ્છા જાગે અને તે માટેનું આત્મબળ કેળવાય તો ચોતરફ જરૂર અજવાસ ફેલાશે. માનવસેવાને પ્રભુસેવા જાણતી સંસ્થાની ઉમદા પ્રવૃત્તિઓની જ્યોત સદાય જલતી રાખનારા શિશુવિહારને લાખ લાખ વંદન અને અભિનંદન. એક મુક્તક યાદ આવે છે. 'મોટપ મોટા નર તણી, આપો આપ કળાય, હાથીને ભલી ઘટંડી ઢોલ કદી નવ સહાય'

(તંત્રી: લેખક શ્રી રાજેશભાઈ ધામેલિયા માતૃભાષા સંવર્ધન માટે અત્યંત સક્રિય શિક્ષક છે. 'ધબકાર' વર્તમાનપત્રમાં તેમની અડધા પાનાની કોલમ થકી દૈનિકના લાખો વાચકો સુધી શિશુવિહારની પ્રવૃત્તિઓની સુંદર નોંધ મૂકી

છે, સંસ્થા શ્રી રાજેશભાઈનો આભાર વ્યક્ત કરે છે તથા સ્થળ મર્યાદાવશાત્ સમગ્ર લેખ પુન:પ્રકાશિત કરી શકતા નથી તે માટે ક્ષમા)

• **ડૉ. છાયાબહેન પારેખ (કેળવણીકાર, ચિંતક)**

શિશુવિહારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ ‘દર્શક’ ઍવોર્ડથી સન્માનિત થઈ રહી છે. ખૂબ જ આનંદ અને ગૌરવના સમાચાર છે. શિશુવિહારે અવૈધિક કેળવણીની પ્રયોગશાળાનું બિરુદ સાર્થક કર્યું છે. પૂજ્ય માનભાઈની દીર્ઘદૃષ્ટિથી શરૂ થયેલી બાળકેળવણીની પ્રવૃત્તિને સબળ અને સક્ષમ નેતૃત્વ સાંપડ્યું છે તેથી સમાજના સાંપ્રત પ્રશ્નો ના ઉકેલો અનેકવિધ પ્રકલ્પો અને પ્રવૃત્તિઓ દ્વારા મળે તેવા સંનિષ્ઠ પ્રયાસો અવિરત થતાં રહે છે. શિશુવિહાર પરિવારને અભિનંદન. એક પ્રતિષ્ઠિત અને ગરિમાપૂર્ણ સન્માન એવી જ પ્રતિષ્ઠિત અને પાયાનું કામ કરતી સંસ્થાને મળે છે તે ખૂબ જ પ્રેરક છે.

• **શ્રી અપૂર્વભાઈ પારેખ (ઉદ્યોગપતિ)**

સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થીઓની નિશ્રામાં સતત પણે યોજાતા ૮૪મા ફાગણ પૂર્ણિમા ઉત્સવમાં હું ઉપસ્થિત રહી શક્યો તે મારું સૌભાગ્ય છે. ‘સળગાવવું’ અને ‘પ્રગટાવવું’ વચ્ચેનો ભેદ આજે સમજાયો છે આ સમજ સમાજમાં વ્યાપક બને તેવી શુભેચ્છા. હોળી પર્વની શુભકામના.

• **શ્રી જયેશભાઈ દવે (વરિષ્ઠ પત્રકાર)**

હોળીપર્વમાં જૂનાં મિત્રો અને વડીલોને મળવાની મજા પડી. આ દિવસ અને ઉત્સવ અમારા માટે રિચાર્જ સ્ટેશન હોય છે. કેટલા બધા દિવસોની ભાવાત્મક ઉર્જા મળી જતી હોય છે. કાર્યક્રમનાં આયોજકોને સ્કાઉટ વંદન.

• **શ્રી વી.એ. શાહ (એન્જીનિયર)**

જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ ભાવનગરમાં ન મળવાથી આજે ઘણાં વૃદ્ધ દંપતી પોતાની રીતે કોઈ સંસ્થા સાથે જોડાયા વગર સ્વતંત્ર રીતે રહે છે, પરંતુ આપની તાલીમ વડીલોને લાંબી બીમારીમાં સહાયરૂપ થશે. સંસ્થા દ્વારા સરસ પ્રયાસ થાય છે. અભિનંદન.

• **શ્રી નટવરભાઈ આહલપરા (લેખક-કોલમીસ્ટ)**

કુસુમ પ્રકાશન, અમદાવાદથી પ્રકાશિત બે પુસ્તકો મળ્યાં. (૧) ‘સમાજ વિકાસ અને વિકલ્પ’ પુસ્તકમાં ડૉ. નાનકભાઈ ભટ્ટના નવગુજરાત ઉપરાંત ડૉ. વિદ્યુતભાઈ જોષીનો પ્રતિભાવ થોડામાં ઘણું કહી જાય છે. સાત શીર્ષક અંતર્ગત બાંસઠ પ્રકરણો વાંચતા થયું કે, ના રાષ્ટ્ર માટે હજુ કોઈ જાગીને સૌને જાગતા રાખે છે. સરળ ભાષામાં લેખક ડૉ. નાનકભાઈ ભટ્ટે ઉદાહરણો, દૃષ્ટાંતો સહિત કલમ ચલાવી છે. (૨) ‘શિશુવિહારનું

નવચેતન'માં લેખકે પૂજ્ય માનભાઈની તપોભૂમિમાં તપ કર્યું છે અને આજે પણ તપ કરી રહ્યા છે. તે તાદૃશ્ય થાય છે. અનેક વિધ કાર્યક્રમથી શિશુવિહાર વડલો શોભે છે. 'મજૂરમાંથી મહાજન' જેવા સચોટ શીર્ષક વળી શિશુવિહારનો પારદર્શક વહીવટ પણ વંદનીય છે.

**• શ્રી જયપ્રકાશભાઈ કડેલ (હોમગાર્ડ અધિકારી)**

છેલ્લાં ૪૨ વર્ષથી આપની અહર્નિશ સેવાઓથી હું પરિચિત છું. નિત્ય નવી નવી બાબતોનો સુમેળ સાધી ઉમદા કાર્યને બિરદાવું ઘટે. પરમ પિતા પરમાત્માને પ્રાર્થના કરીએ; આપને તંદુરસ્ત અને દીર્ઘાયુ જીવન બક્ષે જેથી આપ શિશુવિહાર સંસ્થાને ઘણું ઊંચું સ્થાન અપાવો.

**• પ્રા.ડૉ. નેહલભાઈ ત્રિવેદી (ભાવનગર)**

'સમાજ વિકાસ ચિંતન સભા' અંતર્ગત ગુજરાતની સાંપ્રત સમસ્યાઓ, સંભવિત ઉકેલો અને થઈ રહેલ પ્રવૃત્તિઓને વિદ્યાર્થીઓ, સંસ્થાનાં કાર્યકરો, મીડિયાને સાથે રાખી ચોક્કસ વિકસાવી શકીએ. શિશુવિહારમાં હવેથી મહિનાના બીજા શનિવારે યોજાનાર બૌદ્ધિકોની સભા આવકારદાયી બની રહેશે.

**• શ્રી સુરેશભાઈ ત્રિવેદી (પત્રકાર, ગુજરાત વૈભવ )**

બાલમંદિરના નાનાં બાળકોનું રાત્રી રોકાણ બહુ મહત્વનું છે. બાળક માતા-પિતાને છોડીને અલગ બાળકો સાથે રાત રહેતા નીડર બને અને જાતે કામ કરતાં પણ શીખે, તો અંદરનો આત્મવિશ્વાસ પણ વધે છે. બહુ જ સરસ પ્રવૃત્તિ છે. સાહેબ ઘણાં સમય પછી સાંભળ્યુ કે બાળકોએ રાત્રી રોકાણ કર્યું છે. શિશુવિહાર બાલમંદિરના શિક્ષકોને સલામ.

**• શ્રી ડૉ. અશોકભાઈ પટેલ (ભાવનગર)**

'દર્શક' ઍવોર્ડથી શિશુવિહારનું સન્માન ગૌરવપ્રદ બને છે. ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આવી શ્રેષ્ઠ સંસ્થા સાથે કામ કરવા માટે અમે બધા ગૌરવ અનુભવીએ છીએ.

**• ડૉ. શ્રી અરવિંદભાઈ ત્રિવેદી (ભાવનગર)**

સમાજના દરેક વર્ગ માટે લોકોપયોગી કાર્યો કરવા સતત પ્રયત્નશીલ શિશુવિહાર; સંસ્થા પરિવાર માટે શું કરી શકાય તે બાબતે વિચાર વિમર્શ કર્યા બાદ દરેકના આરોગ્ય માટે જરૂરી કેલ્શિયમ અને વિટામીન-ડી ની ગોળી આપવાનું નક્કી કર્યું તે બાબતે હર્ષની લાગણી વ્યક્ત કરું છું. શિશુવિહાર સંસ્થા દ્વારા બાલમંદિરના ૭૫ બાળકોને તેમ ક્રીડાંગણનાં ૫૦ તાલીમાર્થીઓને નિયમિત રીતે વિટામીન સીરપ શિક્ષક અને મા-બાપની દેખભાળ નીચે અપાય છે તે અનુકરણીય છે.

**• શ્રી સુરેશભાઈ ભટ્ટ (કોલમીસ્ટ, વરિષ્ઠ પત્રકાર)**

ઈ.સ. ૧૯૩૯ સંવત ૧૯૯૫ના કારતક સુદ એકમથી શરૂ થતાં બેસતા વર્ષે સ્વ. એહમદઅલી યુસુફઅલી, શ્રી આત્મારામભાઈ ભટ્ટ, શ્રી ગૌરીશંકર ચતુર્વેદી, શ્રી લક્ષ્મીદાસ દાણી વગેરે મિત્રોએ એકઠા મળી જાણીતા કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીના પ્રમુખપણા નીચે નાનકડા ક્રીડાંગણની સ્થાપના કરી. મજૂર મિત્રો પૈકીના શ્રી જયમલભાઈ યાદવ, શ્રી બચુભાઈ કામ્બડ, શ્રી અમૃતલાલ જોષી, શ્રી ઓધવજીભાઈ મુંજપરા, શ્રી મોહન ઉકાભાઈ વગેરે સક્રિય સાથીઓની સહાય અને છોટાભાઈની રાહબરી નીચે માનભાઈની કલ્પનાને મૂર્તરૂપ મળ્યું.

'આનંદ મંગળ મંડળ' એ નામ પ્રમાણે ગુણ ધરાવતું મંડળ હતું. નિજાનંદની સાથોસાથ સામાજિક સ્તરે લોકોપયોગી, પ્રવૃત્તિઓ કરતા શેરી નાટકો પણ એમની પ્રવૃત્તિઓનો અગત્યનો ભાગ બની રહેલ. હોળી ઉત્સવનું અદકેરું મહત્વ હોવાથી ૭૫ વર્ષની પરંપરાથી ફાગણ પૂર્ણિમાએ હોળી ઉત્સવ ઉજવાય છે.

શિશુવિહારમાં યોજાતા હોળીપર્વનું આકર્ષણ લેઝિમ વ્યાયામ હોય છે. ૭૦-૭૫ વર્ષનાં સંસ્થાનાં જૂનાં તાલીમાર્થીઓ પણ લેઝિમ લે છે. લેઝિમ નૃત્યની શરૂઆત છત્રપતિ શિવાજીના શાસન દરમિયાન થઈ હતી. તે ફિટનેસ માટે પુરુષો દ્વારા રમવામાં આવતી રમત હતી. શિશુવિહારની હોળીમાં કાઠિયાવાડી લેઝિમ જોવા તે લ્હાવો છે. શિશુવિહાર ક્રીડાંગણના વિદ્યાર્થીઓને લોખંડના પાઈપ મધ્યે લગાવેલ પગા ઉપર જમીનથી દોઢ ફૂટ ઉપર ઊભા રહી જે વ્યાયામ પ્રસ્તુત કરે છે તે હોળી ઉત્સવનું આકર્ષણ બને છે.

ગુજરાતમાં માત્ર ભાવનગર શહેર એવું છે કે જ્યાં હોળીનો ઉત્સવ અલગ અલગ રીતે ઉજવાય છે, ૮૪ વર્ષથી શિશુવિહારમાં ઉજવાતી હોળી સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવાની સાથે વધુ ને વધુ લોકપ્રિય બનતી જાય છે. (સૌજન્ય સાભાર: સૌરાષ્ટ્ર આસપાસ)

**ડૉ. વિક્રમભાઈ મહેતા (મુંબઈ)**

શિશુવિહાર મેગેઝિન જોઉં છું. તમારું કામ સરસ છે. ધન્યવાદ. તમારી શિક્ષણ અને સેવાની પ્રવૃત્તિઓની નોંધ લેતા આનંદ.

**• શ્રી ચંદ્રશંકરભાઈ દવે (ભાવનગર)**

બહેનો આત્મનિર્ભર બને અને બાળકોનો વિકાસ પોષણ યુક્ત બને તે વિચારથી શિશુવિહારની પ્રવૃત્તિઓ સમાજ માટે પ્રેરણારૂપ હોય છે. સતત ૮૦-૮૫ વર્ષથી કાર્ય કરતી સંસ્થાને અભિનંદન તથા અમારા પરિવારનો

સહયોગ સ્વીકારવા વિનંતી.

• **શ્રી સુરેશભાઈ દોશી (ચેન્નઈ)**

બાળકનો સર્વાંગી વિકાસ ધ્યાન ખેંચે છે અભિનંદન.

• **ડૉ. હિમાંશુભાઈ પટવારી (ભાવનગર)**

શિશુવિહારની બાળ કેળવણીને 'દર્શક' ઍવોર્ડ મળી રહ્યો છે તે જાણી આનંદ થયો. સંસ્થાની મૂક સેવા અનેકો માટે નવી દિશા બને છે.

• **શ્રી દામિનીબહેન કુમારભાઈ દેસાઈ (અમદાવાદ)**

મા-બાપની ગેરહાજરી છતાં પણ શિક્ષણ કાર્ય પ્રત્યે સજાગ રહેતા ગરીબ બાળકોની આપ જે પ્રકારે કાળજી લો છો તે ધન્યવાદને પાત્ર છે. આ સાથે અમારો સહયોગ સ્વીકારશો.

• **શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર-શિશુવિહારનાં પૂર્વ આચાર્ય શ્રી ઝીણારામભાઈ દાણીધારિયાનું તારીખ ૧૮ માર્ચે સંસ્થામાં અભિવાદન થયું.** કાર્યકર સ્નેહમિલન સમયે શ્રી મોટાભાઈએ વ્યકત કરેલ ભાવવંદના.

વર્ષ ૧૯૫૬માં શિશુવિહારમાં શાળાંત વર્ગમાં મેં તાલીમ લીધેલ.



ત્યારે હું ધોરણ સાતમાં ભણતો હતો પૂજ્ય દયાશંકર રાજ્યગુરુ આ વર્ગ ચલાવતા હતા રાત્રે ચાલતા શાળાંત વર્ગમાં દિવસે વ્યવસાય કરતા ભાઈ-બહેનો આવતા ફી રૂ.૫ રાખેલી. તે પણ સંતોષકારક હાજરી હોય તો પાછી મળતી શિક્ષકશ્રીની ઉત્તમ રીતે ભણાવવાની પદ્ધતિથી હું અભિભૂત



થઈ ગયો હતો. શિશુવિહારમાં આવું એટલે પૂજ્ય ભાઈએ દરવાજે લખેલ કાળા પાટિયા પર અચૂક નજર ફેરવું. તેમાં શિશુવિહારના આગામી કાર્યક્રમો અને કેટલાક ઉત્તમ વિચારો રજૂ થતા. શાળાંત વાળા મિત્રોએ પણ આખું વર્ષ શિશુવિહારના આવા કાર્યક્રમો માણ્યા હતા. આજે જોઈ શકુ છું કે યૌવનના ઉંબરે ઊભેલ કેટલીય વ્યકિતઓનું સંસ્કાર ઘડતર સહજાસહેજ શિશુવિહારમાં થયું હતું.

શાળાંત પાસ કરી હું ઘરશાળા અધ્યાપન મંદિરમાં બે વર્ષ ભણ્યો. શ્રી ભારતભાઈ પાઠક જેવા અધ્યાપક સાથે સંબંધ બંધાયો. પાંચ વર્ષ ગામડાંમાં નોકરી કરી ૧૯૬૩માં તક મળતા હું દક્ષિણામૂર્તિમાં જોડાયો. ત્યાં પ્રાથમિક વિભાગમાં ૨૦ વર્ષ કામ કર્યુ. અમારા સાથી શિક્ષક મિત્રો સાથે મળી અનેક પ્રકારની સહ અભ્યાસક પ્રવૃત્તિઓ કરી અને ઉત્તમ રીતે ભણાવ્યું. તે દરમિયાન મેં કામ કરતા કરતા બી.એ.બી.એડ. કરેલ. તેથી હું દક્ષિણામૂર્તિના માધ્યમિક વિભાગમાં જોડાયો. ત્યાં પણ છાત્રાલયના ગૃહપિતાની જવાબદારીઓ સાથે સહ અભ્યાસક પ્રવૃત્તિઓ કરી. ૧૯૯૬માં નિવૃત થયો અને નૂતન બાલશિક્ષણ સંઘના મંત્રી તરીકે કામ પ્રારંભ્યુ. તે સમયે પૂજ્ય કાકા પ્રેમશંકરભાઈ ૯૬ વર્ષ થયા હોવાથી વર્ષ ૨૦૦૭માં મેં શિશુવિહાર બાલમંદિરની જવાબદારી સ્વીકારી અને સંસ્થાની અનેકવિધ

પ્રવૃત્તિઓમાં સહભાગી થવાનો મોકો મળ્યો.

મારા બાલમંદિરના કાર્યકાળ અનુભવોની વાત મૂકુ તો બાળકોને બાલમંદિરનાં સમાપને નાસ્તો મળે જ પણ જ્યારે આવે ત્યારે પણ એને થોડો ભાગ, (કંઈક ખાવાનું) આપવામાં આવતો. પ્રેમશંકરભાઈ જાણતા હતા કે ઉતાવળમાં કોઈવાર ઘરેથી બાળક એમને એમ આવ્યું હોય તો તેને આ ભાગથી રાહત મળે. સત્રમાં બાલમંદિર સંચાલનનો અનુભવવર્ગ ચાલતો. તેમાં જોડાનારને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી. તેની પાછળનો ઉમદા હેતુ એ હતો કે તાલીમ લીધેલા જ્યાં હશે ત્યાં પોતાને મળેલી બાલશિક્ષણની સમજણનો જીવનમાં ઉપયોગ કરશે. ઘણાં બાલમંદિરમાં તાલીમાર્થીઓને નોકરીઓ પણ મળી જતી. બાલમંદિરમાં મારી સાથે ઉષાબહેન મદદનીશ તરીકે કામ કરતાં, પછી તેઓ શ્રી શિક્ષક થયા અને હવે વહીવટી જવાબદારી સંભાળે છે. જયશ્રીબહેન મધુર કંઠે બાળગીતો અભિનય સાથે જ ગાય, બધું જ મોઢે. બાલમંદિરમાં આયોજનપૂર્વકની બધી જ પ્રવૃત્તિઓની ગોઠવણી પણ કરતા જાય. શ્રી મંગળાબહેન બાળકો માટે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ નાસ્તો બનાવે. જ્યારે નાસ્તો ન બનાવવાનો હોય ત્યારે સૂકો નાસ્તો તેઓ ચાલતા જઈને બજારમાંથી લઈ આવતા. વર્ષાબહેન કોમર્સ ભણેલા. ફીની વ્યવસ્થા ઉપરાંત મેનેજમેન્ટ અને ફોટોગ્રાફીનો પણ શોખ. બાલમંદિરના દરેક કાર્યક્રમને તેની આવડતનો લાભ મળે.

મારી બાલમંદિર સ્મૃતિ ,શિશુવિહાર સ્મૃતિ, માનભાઈ અને પ્રેમશંકરભાઈ સાથેની કાર્ય સ્મૃતિમાંથી થોડી વાત રજૂ કરવા અને સાથી કાર્યકરોને મળવા શિશુવિહારમાં મેળાવડો થયો તે વેળાએ પ્રારંભથી અંત સુધી ઉપસ્થિત સૌના હૃદયમાં મેં, ત્રણેક વર્ષ બાલમંદિરમાં હતો ત્યારે જેવી પ્રસન્નતાની અનુભૂતિ કરી હતી તેવી જ પ્રસન્નતા સૌનાં ચહેરા પર જોઈ તેથી આનંદ થયો. આ પ્રસંગે શ્રી ઈન્દાબહેન અને મંગળાબહેને શિશુવિહાર સંસ્થા વતી મારું અભિવાદન કર્યુ તેનો અદકેરો આનંદ વ્યકત કરું છું.

**• ડૉ. યજ્ઞેશભાઈ વ્યાસ (સુરત)**

દર્શક ઍવોર્ડ મેળવવા માટે સમગ્ર ‘શિશુવિહાર’ પરિવારને હાર્દિક અભિનંદન. ‘શિશુવિહાર’ દ્વારા યોજાતી સામાજિક, શૈક્ષણિક અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિ આવકારદાયક અને પ્રેરણાલક્ષી હોય છે. આશા રાખું કે ગુજરાતના દરેક મોટા શહેરમાં એક ‘શિશુવિહાર’ શરૂ થાય.

# શિશુવિહાર પ્રકાશિત પ્રાપ્ય પુસ્તકોનું સુચિપત્ર

| પુસ્તક | ₹ કિંમત |
|---|---|
| ૧. તંદુરસ્તી તમારા હાથમાં (ગુજરાતી-હિન્દી).. | ૧૫=૦૦ |
| ૨. બાલમંદિરમાં ગવાતાં ૧૦૧ ગીતો...... | ૧૫=૦૦ |
| ૩. પુરૂષાર્થ પાઠાવલી.................... | ૧૦=૦૦ |
| ૪. મા તે મા............................ | ૧૦=૦૦ |
| ૫. સીવણ સમજૂતી...................... | ૪=૦૦ |
| ૬. વસિયતનામાની અગત્યતા........... | ૧૫=૦૦ |
| ૭. વીજળી અને વપરાશ................. | ૧૦=૦૦ |
| ૮. પુત્રીજન્મ શુભેચ્છ કાર્ડ................ | ૫=૦૦ |
| ૯. ડાયાબિટીસ - મધુપ્રમેહ............. | ૧૫=૦૦ |
| ૧૦.ચાલો ગાઈએ....................... | ૧૫=૦૦ |
| ૧૧.શિશુવિહારના વડલાની વાતો........ | ૧૫=૦૦ |
| ૧૨.હાથે લ હૈયે મીણ.................... | ૫૦=૦૦ |
| ૧૩.બાલ આરાધના સુખ એટલે દિલોજાન દોસ્ત..................... | ૧૨=૦૦ |
| ૧૪.શિક્ષણ પરિસ્થિતિ અને ઉપચાર...... | ૨૦=૦૦ |
| ૧૫.વ્યવહારૂ સુચન (૯૯ સુચન)......... | ૧૦=૦૦ |
| ૧૬.અવૈધિક શિક્ષણની મહાશાળા......... | ૧૦=૦૦ |
| ૧૭.સાઈકલ સંભાળ...................... | ૧૦=૦૦ |
| ૧૮.ડિઝાસ્ટર મેનેજમેન્ટ.................. | ૨૫=૦૦ |
| ૧૯.શતાબ્દી પુસ્તિકાનો સેટ(૧૦ બુક)... | ૨૦=૦૦ |
| ૨૦.સૌના ભાઈ માનભાઈ................. | ૫૦=૦૦ |
| ૨૧.ડિપ્રેશનને જાણો...................... | ૧૫=૦૦ |
| ૨૨.બાલ આરોગ્ય સુત્રો...................... | ૨=૦૦ |
| ૨૩.શિશુવિહાર સંકલ્પ યાત્રા............... | ૨૫=૦૦ |
| ૨૪.માનવજીવન અને પ્રાકૃતિક સારવાર તથા માટીનાં ઉપચારો.......... | ૧૦=૦૦ |
| ૨૫.લક્ષ્મણ જેવો ભાઈ................... | ૧૫=૦૦ |
| ૨૬. આયુર્વેદનું અધ્યાત્મ................. | ૧૫=૦૦ |
| ૨૭.બાબુનું બાળપણ...................... | ૨૫=૦૦ |
| ૨૮.અધિકૃત ભાવોદ્ગાર.................... | ૨૫=૦૦ |
| ૨૯.ગુજરાતમાં બુનિયાદી શિક્ષણની સદી સંદર્ભ બદલાવ, દશા અને દિશા......... | ૨૦=૦૦ |
| ૩૦.જાહ્નવી............................ | ૩૫=૦૦ |
| ૩૧.નિરક્ષીર............................ | ૫૦=૦૦ |
| ૩૨.આંખની સંભાળ..................... | ૧૦=૦૦ |
| ૩૩.પ્રવૃત્તિ શિક્ષણ...................... | ૩૦=૦૦ |
| ૩૪.અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા........... | ૪૦=૦૦ |
| ૩૫.શુભેચ્છકો લખે છે..................... | ૨૫=૦૦ |
| ૩૬.ચિદાનંદ............................ | ૧૫=૦૦ |
| ૩૭.સૌની સેવામાં માનભાઈ........... | ૧૦૦=૦૦ |
| ૩૮.વૃક્ષનાં પાનાની રંગોળીનું કેલેન્ડર.. | ૧૦૦=૦૦ |
| ૩૯.આકાશદર્શન......................... | ૨૦=૦૦ |
| ૪૦. મજદૂર સે મહાજન (હિન્દી)..... | ૩૦=૦૦ |
| ૪૧. શિશુવિહાર નવચેતન.......... | ૧૦૦.૦૦ |

## ૪૨-અમૃત મહોત્સવ વિચારયાત્રા પુસ્તક સંપુટ : ૭

કિંમત રૂા. ૫૦૦/-

૧. શબ્દામૃત
૨. બાલોપનિષદ
૩. શિક્ષણ-દિશા અને દિશા
૪. માણસાઈની પગદંડી
૫. રાષ્ટ્રવિકાસની દીવાદાંડી
૬. બાલ-ગીતા ભાગ-૧/૨

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021
બેંકની વિગતો
નામ: 'શિશુવિહાર'
SBI નેટબેન્કિંગ એકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** (Facebook)
**Shishuvihar Bhavnagar** (YouTube)
**Shishuvihar** (Instagram)
**Shishuvihar** (Play Store)

પરામર્શ સમિતિ
સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA